સંદેશ, પાના નં.૦૪, તા.૦૩.૦૨.૨૦૨૪

અમદાવાદથી ગાંધીનગર વચ્ચે ૨૮.૨ કિમીના મેટ્રોરૂટનું કામ પૂર્ણતાના આરે

# મેટ્રોરૂટને ગિફ્ટસિટીના આંતરિક વિસ્તારો સુધી લંબાવવામાં આવશે

## મેટ્રોટ્રેન મારફત ગિફ્ટસિટી ડાયરેક્ટ કેપિટલ ગાંધીનગર સાથે જોડાશે

। ગાંધીનગર ।

અમદાવાદથી ગાંધીનગર સુધીની મેટ્રોટ્રેનનો રૂટ વધારવાનો નિર્ણય કરાયો છે. હવે મેટ્રોટ્રેનના રૂટને ગિફ્ટસિટીના આંતરિક વિસ્તારો સુધી લંબાવવામાં આવશે. ઉલ્લેખનીય છેકે, અત્યારે ફેઝ-૨માં અમદાવાદથી ગાંધીનગર વચ્ચે ૨૮.૨ કિમીના મેટ્રોરૂટનું કામ ધમધોકાર ચાલી રહ્યુ છે. જે ટુંક સમયમાં જ પુર્ણ થવાની શક્યતા છે.આ મેટ્રોરૂટ પર ૨૭ જેટલા સ્ટેશનો આવશે. વર્ષ ૨૦૨૧ની સાલમાં આ કામ શરૂ કરવામાં આવ્યુ હતું. જે વર્ષ ૨૦૨૪ સુધીમાં પુર્ણ કરવાની ધારણા છે.

અનુસંધાન પાના નં.3 ઉપર

અનુસંધાન પાના નં.૦૩

### મેટ્રોરૂટને ગિફ્ટસિટીના...

અમદાવાદ ગાંધીનગર વચ્ચેના મેટ્રોટ્રેનના રૂટમાં ગિફ્ટસિટીને પણ આવરી લેવામાં આવ્યુ છે. આ ટ્રેન શરૃ થતા જ ગિફ્ટસિટી ડાયરેક્ટ ગાંધીનગર કેપિટલ સિટી સાથે જોડાઈ જશે. જોકે, જે રીતે ગિફ્ટસિટીમાં વિદેશી કંપનીઓની ભરમાર લાગી છે તેને લઈને તાજેતરમાં જ ગિફ્ટસિટીના વિસ્તારમાં વધારો કરવામાં આવ્યો હતો. વિસ્તાર વધતા જ સરકારે મેટ્રોટ્રેનના રૂટને ગિફ્ટસિટીના આંતરીક વિસ્તારો સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે.